## ગામમાં દરેક ધર્મના તહેવારો પરંપરાગત રીતે અને ખુશીના માહોલમાં ઉજવવામાં આવે છે


સંતોષીમાતા મંદિર

બેડવા ગામના વિવિધ વિસ્તારોમાં મંદિર અને મસ્જિદ, ચર્ચ સહિત અનેક ધર્મસંસ્થાઓ આવેલી છે, જ્યાં દરેક ધર્મના લોકો પોતાની પરંપરા, આસ્થા અને શ્રદ્ધા મુજબ આરાધના કરે છે. ગામના આ ધાર્મિક સ્થળો માત્ર ઉપાસનાના કેન્દ્રો નથી, પરંતુ ગામલોકોને પરસ્પર એકબીજા સાથે જોડતી આત્મીય કડી છે. બેડવા ગામ તેની શાંતિ, સહઅસ્તિત્વ અને ભાઈચારાની ભાવનાને કારણે આસપાસના


લાલજી મહારાજ મંદિર


ભીમનાથ મહાદેવ મંદિર

સમગ્ર વિસ્તારમાં એક વિશેષ અને પ્રેરણાદાયી ઓળખ ધરાવે છે.ગામમાં દરેક ધર્મના તહેવારો પરંપરાગત રીતે અને ખૂબ જ ખુશીના માહોલમાં ઉજવવામાં આવે છે.મુસ્લિમ સમુદાય દ્વારા ઉર્સ, મહોરમ અને ઈદ જેવા તહેવારો અત્યંત શ્રદ્ધાપૂર્વક ઉજવાય છે.

તે જ રીતે હિન્દુ સમુદાય દ્વારા નવરાત્રી, હોળી-ધુળેટી, જન્માષ્ટમી અને રામનવમી જેવા પર્વો પણ એટલા જ ઉમંગ અને ભક્તિભાવ સાથે ઉજવવામાં આવે છે.


અંબાજી મંદિર

ખાસ અને ગૌરવ લેવા જેવી બાબત એ છે કે આ તમામ તહેવારોમાં બંને સમુદાયના લોકો પરસ્પર સહયોગ આપીને કોમી એકતા અને પરસ્પર સન્માનની ભાવનાને વધુ મજબૂત બનાવે છે.ગામના ભાગોળ વિસ્તારમાં આવેલી મસ્જિદ અને તેની બિલકુલ બાજુમાં આવેલું વહેરાઈ માતાનું પૌરાણિક મંદિર અને ખ્રિસ્તી સમુદાયનુ દેવળ બેડવા ગામની ખરી સંસ્કારિતા અને વિશેષ ઓળખ બની ગયું છે.


ગાયત્રી મંદિર

એક તરફ પવિત્ર આસ્થા અને ઇબાદતનું પ્રતીક એવી સુંદર મસ્જિદ છે, તો બીજી હિંદુ લોકોના શ્રદ્ધાનું કેન્દ્ર એવું વહેરાઈ માતાનું ભવ્ય મંદિર શોભી રહ્યું છે. આ બન્ને ધર્મ સ્થાનકો પાસે ખ્રિસ્તી સમુદાયનુ ચર્ચ દેવળ પણ નિર્માણ કરાયેલું છે. બેડવા ગામનો ધાર્મિક ખરેખર અનુભવવા જેવો હોય છે. એકતરફ જ્યારે દેવ મંદિરમાં આરતી વખતે વાગતી ઝાલરો અને ઘંટડીઓનો મધુર રણકાર સંભળાય છે, ત્યારે બરાબર એ જ સમયે મસ્જિદમાંથી ખુદાની ઈબાદત માટે પોકારાતી પવિત્ર અઝાન ગુંજી ઉઠે છે.આ બંને મધુર અને પવિત્ર અવાજો હવામાં ભળીને સમગ્ર ગામના વાતાવરણને ખૂબ જ આધ્યાત્મિક, પવિત્ર અને શાંત બનાવી દે છે. આ દૃશ્ય અને માહોલ બેડવા ગામની સહિષ્ણુતા અને ધાર્મિક સમરસતાનું એક અજોડ અને જીવંત ચિત્ર રજૂ કરે છે.ગામની સૌથી મોટી વિશેષતા અને શક્તિ તેની એકતા તથા સામાજિક સમરસતા છે. અહીં લોકોના ધર્મ ભલે અલગ હોઈ શકે, પરંતુ બધાના દિલ એક છે. કોઈપણ વ્યક્તિના સુખ-દુ:ખમાં, ધાર્મિક ઉત્સવોમાં કે સામાજિક પ્રસંગોમાં ગામના તમામ લોકો ભેદભાવ ભૂલીને એકબીજાની પડખે આવીને ઉભા રહે છે.


ચર્ચ


મસ્જીદ

# બેડવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી ગ્રામજનોની આર્થિકકરોડરજ્જુસમાનપાયાનીસહકારીસંસ્થા




ગામની પ્રજાનો આર્થિક વિકાસનો શ્રેષ્ઠ સ્ત્રોત દૂધ મંડળી છે. ગામના જાગૃત દીર્ઘદ્રષ્ટિવાળા સ્વપ્નદૃષ્ટાઓએ ગામના આર્થિક વિકાસને લક્ષ્યમાં રાખી, હકારાત્મક દૃષ્ટિકોણથી વિચારી સદર સંસ્થાની સ્થાપના 1956ની 8મી ઓક્ટોબરે કરવામાં આવી હતી. શરૂઆતના વર્ષોમાં આ સંસ્થા નાના મકાનમાં કાર્યરત થઈ હતી. ત્યારબાદ નવા મોટા મકાનમાં થોડા વર્ષો માટે કાર્યરત બની હતી. ત્યારબાદ આ સંસ્થાએ પોતીકું મકાન નિર્મિત કર્યું. ગામના સંનિષ્ઠ નાગરિકોના સહભાગીપણા અને કુશળ વહીવટને કારણે સમયકાળના પ્રવાહ સાથે આ સંસ્થા આજે ગામમાં પ્રવેશતા તેના વિરાટ સ્વરૂપમાં વટવૃક્ષ સમાન અડીખમ ઊભી છે. શરૂઆતના સમયમાં ખુબ ઓછા સભાસદની સંસ્થા નોંધપાત્ર સંખ્યાને સ્પર્શી ગઈ છે. જેમ જેમ સંસ્થા વિકાસની કેડીને કંડારતી ગઈ તેમ તેમ તેની ભૌતિક સુવિધામાં ફેરફાર કરવાની અનિવાર્યતા વધતી જણાતા આ સંસ્થાનું નૂતન અધતન ભૌતિક સુવિધા સંપન્ન મકાન નિર્માણ પામ્યું છે. જેમાં દૂધ સાચવવાનો વિશાળ "ટાંકો" લાવવામાં આવ્યો છે. સદર સંસ્થા દર વર્ષે લોકજન હિતાર્થે ગામની નાની મોટી શૈક્ષણિક સંસ્થાઓને આર્થિક સહાય આપી શિક્ષણને ઉત્તેજના આપતી રહી છે. સાથો સાથ જાહેર આરોગ્ય જાળવણી અંતર્ગત ગામસફાઈ, રાહત દરે દવાનું વિતરણ વગેરે ઉમદા કાર્યો કરી, ગામની અવિરત સેવાના કાર્યો પણ કરી રહી છે. સદર સંસ્થા સાચા અર્થમાં નક્કી કરેલા હેતુઓના લક્ષ્યને સર કરી ગામનું આભૂષણ બની રહી છે. દુધ મંડળીમાં હાલમાં ચેરમેન તરીકે પરેશભાઈ પ્રભાતભાઈ ડાભી અને સેક્રેટરી તરીકે દિનેશભાઈ મગનભાઈ પટેલ જવાબદારી સંભાળે છે. જ્યારે વ્યવસ્થાપક કમિટીના સભ્યો તરીકે હીરાભાઈ દેસાઈભાઈ ડાભી, ભરતભાઈ હરમાનભાઈ ડાભી, સુરેશભાઈ પ્રભાતભાઈ ડાભી, ગોરધનભાઈ રણછોડભાઈ ડાભી, વિનુભાઈ મેલાભાઈ ડાભી, અરવિંદભાઈ ચંદુભાઈ પટેલ, રાવજીભાઈ શંકરભાઈ પટેલ, કેતનભાઈ જશભાઈ પટેલ, ખોડાભાઈ મગનભાઈ ડાભી અને અશોકભાઈ રમણભાઈ ડાભી કાર્યરત છે.

## ઉત્તમ પ્રાથમિક સુવિધાઓ સાથે જન સુખાકારીમાં બેડવા અવ્વલ નંબરે છે



ગામના પાદરે અગાઉ પાણી વ્યવસ્થાની સાક્ષી સમાન કૂવો પણ પણ ખુબ જાણીતો છે. વર્ષો પહેલાં ગામની તમામ જાતિના લોકો એકમાત્ર આ કૂવાનુ જ પાણી પોતાના રોજિંદા ઉપયોગમાં કરતા હતા. બાદમાં સમયાંતરે બદલાવ આવતાં ઘરે ઘરે નળ સાથે પાણીની સુવિધા ઉપલબ્ધ છે. ગામમા લગભગ દરેક વિસ્તાર બ્લોક અથવા આરસીસી રોડની સુવિધા ધરાવે છે.

બેડવા ગામે હિન્દુ મુસ્લિમ ખ્રિસ્તી સમુદાય સમાજના લોકો રહે છે. કોઈ પણ જાતના ભેદભાવ વગર દરેક ફળિયામા બ્લોક અને ગટરની વ્યવસ્થા ઉભી કરવામા આવી છે. ગામના લોકોને પીવાનું શુધ્ધ પાણી ૨૪ કલાક નિયમિત મળી રહે તેવી વ્યવસ્થા ગ્રામ પંચાયત દ્વારા જાળવવામાં આવે છે. આગામી દિવસોમા ગામના લોકોને જન સુખાકારી માટે વિવિધ સુવિધા મળી રહે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ગામના મોટા ભાગના લોકો ખેતી અને પશુપાલનથી જીવન નિર્ભર કરે છે. ગામમા માધ્યમિક શિક્ષણ કરતાં વધુ ઉચ્ચ શિક્ષણ ધરાવતા યુવક-યુવતીઓ ગણ્યા ગાઠ્યા છે. જેથી ગામમાંથી સરકારી નોકરિયાત વર્ગની સંખ્યા ખૂબ જ ઓછી છે. ગામ નાનું હોવા છતા જરૂરીયાત મુજબની તમામ સુવિધાઓ ઉપલ્બધ છે.

### ગ્રામ પંચાયતના જનપ્રતિનિધિઓ

સરપંચ ડાભી મનિષાબેન અજીસિંહ, ડે. સરપંચ પટેલ કામીનીબેન હેમતભાઈ, તલાટી કમ મંત્રી તરીકે મિનેષભાઈ અને સભ્યો- પટેલ ગીરીશભાઈ રતિલાલ, ડાભી કાંતાબેન મફતભાઈ, ડાભી વિઠ્ઠલભાઈ ભયલુભાઈ, પટેલ ગીરીશભાઈ જશભાઈ, મકવાણા ભાનુભાઈ મુળજીભાઈ, ખાંટ ગંગાબેન ભીખાભાઈ, પરમાર આશાબેન જગદીશભાઈ, ચૌહાણ મંગુબેન પ્રવિણભાઈ જવાબદારી સંભાળી રહ્યા છે.



## બેડવા કન્યા પ્રાથમિક શાળા સમગ્ર આણંદ તાલુકામાં શૈક્ષણિક ક્ષેત્રમાં ડંકો વગાડી રહી છે

શૈક્ષણિક જગત માટે પ્રેરણારૂપ અને ગર્વ લઈ શકાય અને આદર્શ શાળા કહીં શકાય એવી સરકારી કન્યા પ્રાથમિક શાળા બેડવા ગામમાં છે. આણંદ જિલ્લાના આણંદ તાલુકાના બેડવા ગામ તાબાની સરકારી ગુજરાતી પ્રાથમિક શાળા છે. પ્રાથમિક શાળાની શિક્ષણ પદ્ધતિ, બાળકો પ્રત્યેનો અભિગમ, વિવિધ સુવિધાઓ અને સ્વચ્છતા સહિતના અનેકવિધ મુદ્દાઓ ખુબ જ અનુકરણીય ઉદાહરણ રૂપ બનેલ છે સરકારી પ્રાથમિક શાળા બેડવા ગામના પાદરમાં આવેલ છે. આ શાળામાં આશરે 275થી પણ વધારે બાળકો અભ્યાસ કરે છે. આ શાળામાં પ્રવેશતાં જ મન પ્રસન્ન થઈ જાય છે,

પ્રાથમિક શાળામાં ભોજન સમયે જમવા માટે પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી વાવેતર કરાયેલા શાકભાજી , ફળ ફળાદી બાળકોના સાત્વિક ભોજન માટે વાપરવામાં આવે છે. વિદ્યાર્થીઓ ટુકડીઓ બનાવીને નીચે બેસીને જમે છે. જેનાથી તેમનામાં સમુહ ભાવનાના જેવા ગુણોનું સિંચન થાય છે, શાળાનુ શિક્ષણકાર્ય પણ ખૂબ જ સુંદર છે. બાળકોને અભ્યાસક્રમ સરળતાથી સમજાવી શકે તેવા વિષય નિષ્ણાત શિક્ષકો છે. શાળામાં બાળકો સ્વૈચ્છિક રીતે આ નિયમોનું ચુસ્ત પાલન કરે છે. કોઈપણ પ્રકારના પ્લાસ્ટિકમાં પેક કરેલ ખોરાક શાળા સંકુલની અંદર લાવતા નથી. જેથી શાળા પરીસરમાં ક્યાંય પણ પ્લાસ્ટિક જોવા મળતું નથી. સ્વચ્છતા બાબતે પણ આ શાળા અવ્વલ નંબરે છે. મોટી સંખ્યામાં બાળકો હોવા છતાં બાળકો પોતે સ્વયં સ્વચ્છતા જાળવે છે. શાળાના પરિસરમાં વિવિધ પ્રકારના આયુર્વેદિક ફુલ છોડ, વનસ્પતિનો પણ ઉછેર કરાયો છે. જેથી સમગ્ર શાળા હરિયાળી છવાયેલી જોવા મળે છે.

### શિક્ષિકા ભાવનાબેન મેકવાનનું સાંદિપની ગુરુ ગૌરવ એવોર્ડથી સન્માન



પોરબંદર સાંદીપની ખાતે ભાગવત કથાકાર પ્રવચનકાર અને શિક્ષણ ક્ષેત્રના લોકહિત ચિંતક રમેશભાઈ ઓઝા ની પ્રેરણાથી આયોજિત ગુરુ ગૌરવ એવોર્ડ સમારોહમાં વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં શિક્ષણના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપનાર ગુરુજનોને ગુરુ ગૌરવ એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ એવોર્ડ ગુજરાત રાજ્યના 33 જિલ્લાના તમામ જિલ્લાના એક શિક્ષકને શિક્ષણ ક્ષેત્રે કરેલ ઉત્કૃષ્ટ કામગીરી અંતર્ગત પસંદગી કરીને આ એવોર્ડ આપવામાં આવે છે. જેમાં આણંદ જિલ્લાના આણંદ તાલુકાના બેડવા પ્રાથમિક કન્યા શાળાના ભાવનાબેન મણીભાઈ મેકવાનને આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી. તેઓને ગુરુપૂર્ણિમાની પૂર્વ સંધ્યા એ પોરબંદર સ્થિત સાંદિપની ખાતે આ એવોર્ડ આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતુ.




(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)